
# સાબરકાંઠા જિલ્લામાં ગાજવીજ સાથે કમોસમી વરસાદ

હિંમતનગર, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લામાં ૧૦ દિવસ પહેલાં કમોસમી વરસાદ બરફના કરા સાથે પડ્યો હતો. ત્યારબાદ બીજી વખત ગુરૂવારની રાત્રિના અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. અને હિંમતનગર સહિત જિલ્લામાં વાવાઝોડા અને ગાજવીજ સાથે કમોસમી વરસાદ શરૂ થયો હતો.

જે શુક્રવાર સવાર સુધી ઝાપટા સ્વરૂપે ચાલુ રહ્યો હતો અને દિવસ દરમિયાન આકાશ વાદળછાયું રહ્યું હતું. હિંમતનગરમાં વરસાદને કારણે શહેરના માર્ગો અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયું હતું. જિલ્લાના ડિઝાસ્ટર મામલતદાર દમયંતીબેન બારોટે જણાવેલ કે ગત રાત્રીથી આજ સવાર સુધીમાં હિંમતનગરમાં ૨૦ મીમીસ ભિલોડામાં ૧૫ મીમી, ખેડબ્રહ્મા ૦૩ મીમી, મેઘરજમાં ૨૦મીમી, ધનસુરામાં ૦૫ મીમી. પ્રાંતિજ માં ૦૫ મીમી અને તલોદમાં ૦૨ મીમી કમોસમી વરસાદ નોંધાયો હતો. અને હજી પણ વાતાવરણ વાદળછાયું રહેશે તેવું જણાય છે. અને નુકશાન અંગે જિલ્લામાંથી કોઈ જાણકારી મળી નથી.

## વરસાદથી ખેતી અને ઈંટવાડા ઉદ્યોગને મોટું નુકસાન



બીજી તરફ કમોસમી વરસાદને કારણે ઘઉં, જીરૂ, વરિયાળીના પાકને નુકશાન થશે. તેવું ખેડૂત પૂજેસિંહ પરમારે જણાવ્યું હતું. આ વિસ્તારમાં વરિયાળી અને ઘઉંના પાકનું વાવેતર થતું હોવાથી વરસાદને કારણે વાવેતર કરતાં ઉત્પાદન ઓછું થાય અને રોગ આવે તો ઉત્પાદનમાં ઘટાડો થશે. જેના કારણે ભાવ પણ ના મળે તેવી પરિસ્થિતિ આ કમોસમી વરસાદને કારણે સર્જાય તો નવાઈ નહીં.

સાબરકાંઠા જિલ્લામાં ગુરૂવારુ સાંજે ગાજ-વીજ સાથે વરસાદ પડતાં ખેતી અને ઈંટવાડા ઉધોગને મોટુ નુકશાન થવા પામ્યુ છે. સવારથી જ વાદળછાયા વાતાવરણ બાદ રાત્રે અગિયાર વાગ્યાના સુમારે ગાજ-વીજ સાથે વરસાદ તુટી પડ્યો હતો.

જિલ્લામાં ગુરૂવારે રાત્રે વરસાદ પડતાં કેલાક વિસ્તારોમાં અંધારપટ પણ છવાયો હતો. જેના કારણે જનજીવન ઉપર પણ અસર થવા પામી હતી. હિંમતનગર, ઈડર, વડાલીમાં ભારે વરસાદ અને પવનના કારણે ઘઉ અને એરંડાનો પાક જમીન દોસ્ત થયો હતો. વરસાદના કારણે ઈંટવાડા ઉધોગને પણ મોટુ નુકશાન થયાનો અંદાજ છે. ગુરૂવારે રાત્રે વરસાદ પડયા બાદ શુક્રવારે સરવાથી જ બફારાનું વાતાવરણ ઉભુ થવા પામ્યુ હતુ.

## મહેસાણામાં મોડી રાત્રે કમોસમી માવઠુ

મહેસાણા જિલ્લામાંહવામાનમાં અચાનક પલટો આવતા ઘણા વિસ્તારોમાં પવન અને ગાજવીજ સાથે કમોસમી વરસાદ પડ્યો હતો. જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી આકાશ વાદળછાયુ રહ્યું છે અને પવનના સૂસવાટા તેમજ ગાજવીજ સાથે હળવો કમોસમી વરસાદ શરૂ થયો હતો જે લગભગ એક કલાક સુધી ચાલુ રહ્યો હતો. કમોસમી વરસાદ થવાથી રવિપાકો જેવા કે જીરૂ, વરિયાળી, ઈસબગુલને થોડુ નુકસાન થવાની ભીતિ ઉભી થઈ છે. જો કે કેટલાક રવિપાકોને ફાયદો પણ થયો છે. હજી આકાશમાં વાદળો છવાયેલા છે અને ક્યાંક ક્યાંક છાંટા પડી રહ્યા છે.

## વિસનગરમાં વેપારીના એકાઉન્ટનો પાસવર્ડ ચોરી રૂ. ૩૩ લાખની ઉઠાંતરી

મહેસાણા, તા. ૧૫

મહેસાણા જિલ્લાના વિસનગર ખાતે રાષ્ટ્રિયકૃત બેંકમાં ખાતુ ધરાવતા એક વેપારીના ખાતામાંથી કોઈ ગઠિયાઓ પાસવર્ડની ચોરી કરી રૂપિયા ૩૩ લાખ બારોબાર ઉપાડીને અન્ય રાજ્યની બેંકોમાં ટ્રાન્સફર કરી હોવાનો ચોંકાવનારો કિસ્સો બહાર આવ્યો છે.

વિગત એવી છે કે વિસનગર સોના ટાઉનશીપમાં રહેતા પ્રહલાદભાઈ કે. પટેલ સબમર્શીબલ પંપના વ્યવસાય સાથે સંકળાયેલ હોઈ શહેરના ગંજબજારમાં આવેલ બેંક ઓફ બરોડાની શાખામાં ખાતુ ધરાવે છે. દરમિયાન આ વેપારીએ અન્ય વ્યક્તિને આપેલ ચેક ક્લીયરીંગમાં આવતા ખાતામાં નાણાં ન હોવાની જાણ થતાં તેઓ ચોંકી ઉઠ્યા હતા અને તુરત બેંકમાં જઈને મેનેજરને મળીને ખાતાના બેલેન્સની તપાસ કરાવતા તેમના ખાતામાં જમા રકમ રૂપિયા ૩૩ લાખ જેટલી રકમ કોઈ ગઠિયાઓ ખાતુ હેક કરીને ઉત્તરપ્રદેશના લખનૌ, કર્ણાટકના બેંગલોર, રાજસ્થાનના જોધપુર તથા ભાનમાલ જેવા શહેરોની જુદી જુદી બેંકોમાં જુદી જુદી વ્યક્તિઓના નામે ટ્રાન્સફર કરી દીધી હોવાની હકિકત બહાર આવી હતી.

આ અંગે વેપારીએ સ્થાનિક પોલીસમથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આઈ.ટી. એક્ટ અન્વયે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવને પગલે વિસનગર શહેર સહિત જિલ્લાના વેપારીઆલમમાં ભારે ચકચાર જાગી છે.

## સર્વ રોગ નિદાન કેમ્પ દહેગામમાં યોજાયો

ગાંધીનગર, તા. ૧૫

જનરલ હોસ્પિટલ ગાંધીનગરના સિવિલ સર્જન ડૉ. ભરતભાઈ બી. પટેલના માર્ગદર્શન હેઠળ દહેગામમાં સર્વરોગ નિદાન કેમ્પ રાખવામાં આવેલ હતો. આ કેમ્પમાં નામાંકિત નિષ્ણાતોએ સેવાઓ આપેલ હતી. ૧૦૦૦ દર્દીઓ લાભ લીધો હતો. વયોવૃધ્ધ માટે અલગથી લાઈન તેમજ સ્ટીક વોકરનું વિતરણ કરાયું હતું. આગામી સર્વ રોગ નિદાન કેમ્પ તા. ૩જી માર્ચના રોજ છાલામાં યોજાશે.

## વાગોસણામાં ‘પાક નિદર્શન’ સભા યોજાઈ

કલોલ તાલુકાના વાગોસણામાં જીએસએફસીના એરિયા મેનેજર વી.જે. વાછાણી દ્વારા બટાટાના પાકનું નિર્દશન સભા યોજાઈ હતી. સભાનું પ્રમુખ સ્થાન પ્રગતિશીળ ખેડૂત દશરથભાઈ પટેલ હતા. જિલ્લા ખેતીવાડી અધિકારી કે.કે. પટેલ, ખેતીવાડી ખાતાનાં નાયબ નિયામક બાબરીયા, ડેપ્યુટી મેનેજર બી.પી. કટારીયા, તથા ખેતીવાડીનાં નિષ્ણાંતો હાજર રહ્યાં હતા. વાગોસણામાં ૨૩૫ ખેડૂતોએ ભાગ લીધો હતો. બટાટાની ખેતીમાં કાળજી લેવા અંગેનું માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લા પંચાયત દ્વારા ચાલતી ખેતી ઉપયોગી ચર્ચા કરવામાં આવેલ હતી. વી.જે.વાછાણીએ વિસ્તૃત માહિતી આપી હતી. વી.જી. પટેલે સભાનું સંચાલન કરેલ હતું.

## હિંમતનગરના ધાણધા પાસે રીક્ષા પલટી ખાઈ જતા એકનું મોત

હિંમતનગર, તા.૧૫

હિંમતનગર તાલુકાના ધાણધા ગામ પાસે એક રીક્ષા પલટી ખાઈ જતા તેમાં સવાર એક મહિલાનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું. જયારે અન્ય એક વ્યકિતને ગંભીર ઈજાઓ પહોંચી છે. બનાવની ફરિયાદ હિંમતનગર ટાઉન પોલીસ મથકે નોંધાવા પામી છે.

પ્રાપ્ત માહિતી મુજબ હિંમતનગરના ધાણધા ગામ પાસે હાઈવે રોડ પર આજે સવારે ૧૧.૩૦ કલાકના સુમારે રિક્ષા નં. જી.જે.૯-ઝેડ-૭૭૦૧ના ચાલકે પૂરપાટ ઝડપે ગફલતભરી રીતે હંકારતા રિક્ષા પલ્ટી ખાઈ ગઈ હતી. રિક્ષામાં સવાર મેણીબેન મણાભાઈ પરમાર ઉ.વ.૫૫ (રહે. કેશરપુરા તા. ઈડર)ને ગંભીર ઈજાઓ પહોંચતા ૧૦૮ મારફતે સારવાર અર્થે સિવિલ ખાતે લઈ જવાયા હતા. જયાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજયું હતું. જયારે અન્ય એક વ્યકિત ખેમાભાઈ કલાભાઈ પરમાર (રહે. વીરપુર, તા. હિંમતનગર)ને નાની મોટી ઈજાઓ પહોંચી હતી. રિક્ષા પલ્ટી મારીને અકસ્માત સર્જી રીક્ષા ચાલક રિક્ષા મૂકીને પલાયન થઈ ગયો હતો. બનાવની ફરિયાદ ખેમાભાઈ કલાભાઈ પરમારે હિંમતનગર ટાઉન પોલીસ મથકે નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ઈડર સાયન્સ કોલેજમાં ડૉ. અશોક પટેલનું વ્યાખ્યાન યોજાયું

હિંમતનગર, તા.૧૫

સાબરકાંઠા જિલ્લાના ઈડર મુકામે આવેલ સરકારી સાયન્સ કોલજમાં ગાયનેક ડૉ. અશોકભી પટેલનું એક વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં તેમણે ઉપસ્થિત વિદ્યાર્થીઓને ગાયનેકને લગતી વિવિધ માહિતી આપી હતી. ઈડરની સરકારી સાયન્સ કોલેજમાં આયોજીત વ્યાખ્યાનમાં નિષ્ણાંત ગાયનેક ડૉ. અશોકભાઈ પટેલે ગર્ભાશયને લગતી સમસ્યાઓ, ઋતુચક્રની અનિયમિતતા, પી.સી.ઓ. તથા લોગીની ઉણપ દૂર કરવા જરૂરી પોષણ સંબંધી માહિતી અને માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત વિદ્યાર્થઈઓને મુંઝવતા વિવિધ પ્રશ્નોના પણ સચોટ જવાબો આપ્યા હતા. આચાર્ય ડી.પી. પટેલ અને કોલેજ પરિવારના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## ડિસામાં માતૃ-પિતૃ વંદના કાર્યક્રમ યોજાયો

ડીસા, તા. ૧૫

૧૪મી ફેબ્રુઆરીને પાશ્ચાત્ય સંસ્કૃતિને અનુરૂપ વેલન્ટાઈન ડે તરીકે મનાવવામાં આવે છે. આ દિવસે યુવાન હૈયા એક બીજાને પ્રેમના પ્રતીક સમાન ગુલાબનું ફૂલ ભેટ આપે છે. જ્યારે ભારતીય સંસ્કૃતિને અનુરૂપ આજના પવિત્ર દિવસને માતૃ-પિતૃ વંદના દિવસ તરીકે મનાવવામાં આવે છે.

પૂજ્ય સંતશ્રી આશારામજી મહારાજ પ્રેરિત આ કાર્યક્રમની રૂપરેખા આપતા રાધે બંગલોઝ, હાઈવે ડીસાના રહીશ સત્સંગી પરિવાર દીલીપભાઈ સોનીની પૂત્રવધૂ આશાબેન રીતેશભાઈ સોનીએ જણાવ્યું હતું કે આજના પવિત્ર દિવસે આપણે માતા-પિતા અને વડીલોનો આદર કરતાં શીખીએ. તેમની આમન્યા જળવાય તેવું વર્તન કરવાના શપથ લઈએ અને માતા-પિતા પણ આ દિવસે પોતાના વ્હાલસોયા બાળકોને માથે હાથ મુકીને આશીર્વાદ આપે. જેથી એક-બીજાના હૂંફ અને સહકારથી પરિવાર સુખી અને સમૃદ્ધ બની શકે છે.

આ પ્રસંગે નાથાલાલ બ્રહ્મક્ષત્રિય ઉપસ્થિત રહીને સોસાયટીના રહીશોને બાળકોના સર્વાંગીણ વિકાસ માટે તેમને સ્વ વિકસવાની તક આપવાનો અનુરોધ કર્યો હતો.

અત્યારે બાળકો ઉપર ભણતરનું ભારણ વધી રહ્યું છે. હરીફાઈનો જમાનો છે તેમ કહીને માતા-પિતા બાળકોને સતત દબાણ કર્યા કરે છે તેથી બાળકોનું બાળપણ છીનવાઈ ગયું છે.

બાળકો હતાશ થઈને અજુકતુ પગલું ના ભરી બેસે તેનું ધ્યાન આપવા અને બાળકોને સતત હૂંફ આપવાનો વિચાર રજુ કર્યો હતો. સોનલ ગોસ્વામી તથા હેલી ઠક્કરે સુંદર નૃત્ય રજુ કર્યું હતું. આશાબેન સોની તથા પરિવારજનોએ દરેકને આશારામ મહારાજ લીખીત પુસ્તીકા અને બિસ્કીટના પેકેટ પ્રસાદ તરીકે આપીને દરેકનો આભાર વ્યક્ત કર્યો હતો.

## હિંમતનગર નજીકથી કતલખાને જઈ રહેલ ૧૦ પશુઓને બચાવાયા

હિંમતનગર, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર નજીકથી શુક્રવારના રોજ સવારે હિંમતનગર નજીકથી જીવદયા પ્રેમીએ પોલીસની મદદથી મોડાસાથી કતલખાને જઈ રહેલ ૧૦ પશુઓને બચાવી લીધા હતા. જ્યારે જીપ કબજે લઈ અને બે જણા વિરૂદ્ધ ગુનો નોંધી હિંમતનગર ટાઉન પોલીસે પકડી પાડી જેલ હવાલે કર્યા હતા.

વિગત મુજબ પ્રાંતિજના મોયદ ગામે રૂપાજીવાસમાં રહેતા અખિલ ભારતીય ગૌસવર્ધન ટ્રસ્ટના રાષ્ટ્રીય ઉપપ્રમુખ સાકાભાઈ દેસાઈને બાતમી મળી હતી જે બાતમી આધારે શુક્રવારના રોજ વહેલી સવારે હિંમતનગર ટાઉન પોલીસ સાથે મળી શહેરના મોતીપુરા વિસ્તારમાં વોચમાં ઉભા હતા. દરમિયાન બાતમીવાળુ મોડાસાથી આવી રહેલ જીપડાલા નંબર જીજે-૭-યુયુ-૪૫૬૯નો મોતીપુરાથી પીછો કરી ન્યાય મંદિરથી જીપ ડાલાને પકડી પાડેલ હતું. જેમાં તપાસ કરતા ૧૦ પાડા કિંમત રૂ. ૧૦ હજારના ઘાસચારા અને પાણીની સગવડ વગર કૂરતાપૂર્વક બાંધી કતલખાને લઈ જતા બચાવી લીધા હતા અને પોલીસ બે લાખના જીપડાલા કબજે લઈ મોડાસાની ચાંદટેકરી ખાતે રહેતા જલાલ સફી મુલતાની અને રાણા સૈયદ વિસ્તારમાં રહેતા જાકીર કાદર મુલતાનીને પકડી પાડી બંને વિરૂદ્ધ હિંમતનગર ટાઉન પોલીસમથકે ગુનો નોંધી બચાવાયેલા પશુઓ ઈડરના પાંજરાપોળમાં મોકલી આપ્યા હતા.



ડીસા શહેરના ત્રણબત્તી વિસ્તારમાંથી એક ઈસમનો મૃતદેહ મળતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ડીસા શહેરના ત્રણબત્તી વિસ્તારમાં આવેલા એક ખુલ્લા ચોકમાં વહેલી સવારે પસાર થયેલા લોકોએ ઓટલા પર એક ઈસમનો મૃતદેહ જોતાં ચોકી ઉઠ્યા હતા. એક ઈસમનો મૃતદેહ પડ્યો હોવાના સમાચારથી આજુબાજુથી લોકોના ટોળા ઉમટ્યા હતા. તપાસ કરતા આ મૃતદેહ ઓગડવાસમાં રહેતા સનાભાઈ ઉર્ફે પપ્પુભાઈ મગનજી ઠાકોર (ઉં.વ. આશરે ૫૨)ની હોવાનું જાણવા મળ્યું હતું.

## ઈડરની સરકારી વિજ્ઞાન કોલેજમાં કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

હિંમતનગર, તા.૧૫

ઈડરની સરકારી વિજ્ઞાન કોલેજમાં સપ્તધારા અંતર્ગત જ્ઞાનધારા કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો. જેમાં વિષય નિષ્ણાંત દ્વારા વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ માર્ગદર્શન કાર્યક્રમમાં એસ.બી.આઈ. બેંકના મેનેજર સંજય ત્રિવેદીએ ગ્રેજયુએટ પછી કારકિર્દી અંગે માર્ગદર્શન પુરું પડયું હતું અને સિવિલ સર્વિસીસ અને બેંકની પરીક્ષાઓમાં કેવી રીતે સફળતા પ્રાપ્ત કરવી તે વિશે સુંદર માહિતી આપી હતી. જયારે ડૉ. કલ્યાણસિંહ ચંપાવતે માઈન્ડ પાવર, પર્સનાલીટી ડેવલપમેન્ટ અને કોમ્યુનિકેશન વગેરે વિષયો ઉપર ધારદાર માર્ગદર્શન આપ્યું હતું. જેમાં અંતે વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવો પણ રજૂ કર્યા હતા.

## બનાસકાંઠામાં ૧૫મીમીથી ૨૫મીમી વરસાદ પડયો

### ઉ.ગુજરાતમાં કમોસમી વરસાદ અમીરગઢ, ઈકબાલગઢમાં કરા પડયા : ભારે પવનને લીધે કાંકવાડામાં ચીમની તૂટી પડતા ૧નું મોત : અમીરગઢમાં ૨૦૦ પક્ષીઓના મોત

પાલનપુર,તા. ૧૫

ઉત્તર ગુજરાતમાં કમોસમી વરસાદથી ખેતીને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. મહેસાણા, પાટણ બનાસકાંઠા સહિત સાબરકાંઠામાં ઝરમઝરથી માંડી ગાજવીજ સાથેના ભારે વરસાદ તેમજ કરા પડવાના કારણે રવિ પાકને મોટું નુકસાન થવાની ભીતી સેવાઈ રહી છે. બનાસકાંઠાના જીલ્લાના પાલનપુર, અમીરગઢ, ઈકબાલગઢ વિસ્તારમાં ભારે પવન સાથે કમોસમી વરસાદ થતાં સેંકડો વૃક્ષો ધરાશાયી થયા છે. ભારે વજનના કરા પડવાથી અમીરગઢ વિસ્તારમાં આશરે ૨૦૦ જેટલા પક્ષીઓ મૃત્યુ પામ્યા છે. જ્યારે કાંકવાડા ગામે ઈંટવાડાની ચીમની તૂટી પડતાં તેની નીચે દટાઈ જતાં એક શ્રમિકનું મોત નિપજ્યું છે.

બંગાળની ખાડીમાં સર્જાયેલ હળવા દબાણના કારણે દક્ષિણ રાજસ્થાન વિસ્તામાં અપર એર સાયકલોનિક સરકયુલેશન સિસ્ટમ સર્જાતા અને તેની અસર નીચે ઉત્તર ગુજરાત સહિત ગુજરાતના અન્ય ભાગો આવતા અચાનક હવામાનમાં પલટો આવ્યો છે. અને કમોસમી વરસાદ થતાં મહા મહિનામાં માવઠું થયું છે.

ઉત્તર ગુજરાતમાં ૧૫ મીમી. થી ૨૫ મીમી સુધીનો કમોસમી વરસાદ પડયો છે. પાલનપુર, અમીરગઢ, ઈકબાલગઢ વિસ્તામાં ભારે પવન સાથે વરસાદ અને ભારે વજનના કરા પડતા શિયાળુ ખેતીને મોટું નુકસાન થયું છે. સેંકડો વૃક્ષો ધરાશાયી થતાં પર્યાવરણને પણ વ્યાપક નુકસાન પહોંચ્યું છે. કેટલાક સ્થળોએ રાત્રી દરમિયાન જાહરે માર્ગો ઉપર વૃક્ષો તુટી પડતાં વાહન વ્યવહારમાં અવરોધ થતાં ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા.

રાજ્યના હવામાનમાં અચાનક પલટો આવતા સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે. દક્ષિણ રાજસ્થાન વિસ્તારમાં સર્જાયેલી આ મજબુત અપર એર સાયકલોનિક સરકયુલેશન સિસ્ટમ ગુજરાત તરફ આગળ વધી રહી છે. જેનાથી તા. ૧૭મી સુધી ગુજરાતનું વાતાવરણ ડહોળાયેલું રહેશે તેવું હવામાન ખાતાનું માનવું છે. પાલનપુરના અમારા પ્રતિનીધિના અહેવાલમાં જણાવાયું છે કે બનાસકાંઠા જીલ્લામાં છેલ્લાં ત્રણ દિવસથી ઠંડીના ચમકારા બાદ તાપમાનનો પારો ઉંચકાયો હતો ત્યારે અચાનક વાતાવરણમાં એકાએક પલટો આવતાં કડાકા અને ભડાકા સાથે તેમજ તેજ પવન સાથે કમોસમી વરસાદ તુટી પડયો હતો. જ્યારે બીજી તરફ આ વસંત પંચમીના દિવસે લગ્નની સહુથી વધારે શરણાઈઓનો માહોલ લગ્નમંડપો આ પવનનો ભોગ બની તૂટી પડયા હતા જ્યારે લગ્નપ્રસગોમાં પણ અફડાતફડી મચી ગઈ હતી. જ્યારે પાલનપુરમાં સલેમપુરા, દરવાજા બહાર શાન્તીનગર પાસે એકગરીબ પરિવારના મકાન ઉપર વૃક્ષ ધરાશાયી થઈ જતાં આ પરિવારનો અદ્ભુત બચાવ થયો હતો જ્યારે અહીં ઉભેલા વીજવાયર ઉપર ઝાડ તુટી પડતા વિજળી ગુલ થઈ ગઈ હતી.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES | APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી
રવિવારે શો રૂમ
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮